પૂર્વછાયો- વંદુ હું ભક્ત વાળાકના, જન વિશવાસી વિશેક ।
અચલ પ્રભુનો આશરો, વળી ગ્રહી ન મૂકે ટેક ॥૧॥
ઉદાર મન અતિ ઘણાં, જેને પ્રકટ પ્રભુશું પ્યાર ।
ભોળે ભાવે ભજે હરિ, છળ કપટ નહિ લગાર ॥૨॥
એવા હરિજનનાં, નામ લેતાં આવે આનંદ ।
કહું સંક્ષેપે સાંભળો, જેને સ્વામી મળ્યા સુખકંદ ॥૩॥
ચોપાઇ- બહુ ભક્ત બગસરે ગામ, કોળી હરિપાલ સુતરામ ।
રૈયો કાનો ભગો ઉકો રાણો, ભક્ત સંઘો ભગો કૃષ્ણ જાણો ॥૪॥

ભક્ત વેલો મેપો જોધો જન, કુરજી હરજી એ પાવન ।
દેવશી આદિ દૈ સતવારા, ભક્ત નાઈ રાજો માવો સારા ॥૫॥
નક્કી વૈશ્ય એક નાનબાઈ, વસે જન એ બગસરામાંઈ ।
વૈશ્ય કલો ને પુંજો પાવન, વસે માલવાણે હરિજન ॥૬॥
ઘુઘરાલે છે લાધો સુતાર, ઉકો ચિતળે માંડણ લુવાર ।
ઠક્કર વસતો ઢોલરવામાંઈ, માંડવડે છે નારાયણ નાઈ ॥૭॥
સનાળે ગોદડ મકવાણો, સુડાવડ ગોવર્ધન લુવાણો ।
ચરખે જન રામ કુંભાર, દેરડિમાંહિ શામો સોનાર ॥૮॥
પિઠવાજાળે ખીમો પટેલ, ચુડામાં ભક્ત વેલો વસેલ ।
ભક્ત કૃષ્ણ આહીર હામાપર, બરવાળે છે ડાયો સગર ॥૯॥
દ્વિજ ભક્ત સુંદરજી ઉદાર, લાઠિયે વજેરામ સુતાર ।
ભક્ત રૂડો આસોંદર ગામ, કણબી હિરો ને રતનો નામ ॥૧૦॥
માંશિયાળે રૈયો હરિજન, કણબી કુળમાં ભક્ત પાવન ।
લુણીયે ભક્ત ત્રિકમ ઠાર, વૈશ્ય લાધો આકડિયા મોઝાર ॥૧૧॥
ભક્ત જીવુબાઈ ધકુબાઈ, કાઠી તોરી ખંભાળિયામાંઈ ।
માણસુર હમીર હિમદે, કાઠિ ભક્ત રૂડા રાણદે ॥૧૨॥
ઉકો લવો ડાયો વશરામ, આંબો હિરો રાજો ભક્ત નામ ।
દેવશી આદિ કણબી કાવે, ભક્ત રૂડા રહે કુંકાવાવે ॥૧૩॥
અમરેલીએ પુંજો પચાણ, મકન આમદ ખોજા સુજાણ ।
કણબી ભક્ત પર્વત છે નામ, એહઆદિ અમરેલી ગામ ॥૧૪॥
રામપદમો કણબી કહેવાય, એહ ભક્ત ચાંપથળ માંય ।
મોટા મુક્ત મેરામ માંજરીયો, જેણે સમજીને સતસંગ કરીયો ॥૧૫॥
રાઘવજી ધનો તુલાધાર, દ્વિજ કચરો ધારી મોઝાર ।
નાથો વસતો ભક્ત વણિક, રબારી દેવદાસ છે એક ॥૧૬॥
હરિજન રૂડાં રાણીબાઈ, એહ આદિ જન જીરામાંઈ ।
ભાચે ભક્ત ઘેલો શેઠ સારો, કાપી પાશ જે નિસર્યો બારો ॥૧૭॥
ધામલેજમાં લાખો પટેલ, લખુ ચારણ લોઢવે રહેલ ।

ભક્ત વીરો સુતાર માનુબાઇ, વસે ક્ષત્રિ એ ડોળાસામાંઇ ॥૧૮॥
દિવમાં નાઇ દામો સુંદર, કલ્યાણ હરિ ને પીતાંબર ।
જન એક પારવતીબાઇ, જેને પ્રભુશું સાચી સગાઇ ॥૧૯॥
શેઠ કૃષ્ણજી લખમીચંદ, રાજબાયે ભજયા ગોવિંદ ।
પ્રેમબાઇ રતનબાઇ નામ, ડોસો માળી વસે દિવગામ ॥૨૦॥
અનુપ ભક્ત છે ઉનામાંઇ, હેતવાળા હંસરાજ ભાઇ ।
ઉધ્ધવ શેઠ વેલશી ગણેશ, જેઠો ભક્ત હરિનો હમેશ ॥૨૧॥
સોનાં અવલ માણયકબાઇ, એ વણિકજન ઉનામાંઇ ।
એક ભક્ત કુંભાર દેસુર, બીજું કુળ સમુળું અસુર ॥૨૨॥
દ્વિજ ભક્ત રૂગનાથ કહીએ, શેઠ તુલસી વસે કાંધિયે ।
શેઠ વાલો વાઘો હરિજન, સામતેરે છે દ્વિજ વસન ॥૨૩॥
દ્વિજ વાઘજી ત્રિકમ નામ, રૂડા ભક્ત એ ગાંગડે ગામ ।
કોળી ભક્ત પરવતભાઇ, ભક્ત જોગો વસે ટીંબીમાંઇ ॥૨૪॥
કોળી રામ વીરો સુરદાસ, મોટા ભક્ત મોલીગામે વાસ ।
વિપ્ર વીરો રામજી સુજાણ, સોની લોમો લાખો જીવો જાણ ॥૨૫॥
કાનો લોમો બાબરીયા બે ભાઇ, ભક્ત એહાદિ ડેડાણ્યમાંઇ ।
કાળુ કાળો લોમો ખીમો ધીર, વસે બારપટોળી આહીર ॥૨૬॥
ભગો સુમરો ભક્ત ભણિજે, મસરી રામપુરે ગણિજે ।
કોવાયે રાઘો લાખો આહીર, ધર્મમતિ અતિ મનધીર ॥૨૭॥
રૂડા ભક્ત રાજુલે અવલ, રાજગર મુળો ને વિઠલ ।
સોની નાગ શામલો સુધીર, પુંજો લાખો આલો ને હમીર ॥૨૮॥
ભક્ત ભગાદિ બીજા છે બહુ, વસે ગામ રાજુલામાં સહુ ।
રાઘો લોમો આહીર ઝોલાપર, ક્ષત્રિ ભક્ત શ્રીભાઇ સુંદર ॥૨૯॥
દ્વિજ હિરજી ડુંગર ડાયો, માંડાળે આહીર બીજો માયો ।
ચાડદિકે ભોજો કરમણ, ચોખા ભક્ત હરિના ચારણ ॥૩૦॥
ભોજો સામત ભક્ત આહીર, વસે ચાડદિકે મનધીર ।
ભક્ત ડોસો પંચોળી જાદરે, નથુ લુવાર તલગાજરે ॥૩૧॥

દ્વિજ ગિગો જીવો જણસાલી, એહાદિ જન મવે મંડળી ।
અસરાણે ભગો નકોભાઈ, ઉપન્યા કુળ આહિર માંઈ ॥૩૨॥
આલો લખમણ માંગાણીરામ, વડાળે બાઈ અમર નામ ।
સાજણ સામત વાલો કુંભાર, મેંપો વસતો વણોઠ મોઝાર ॥૩૩॥
ખેરાલિયે ગોલણ નિરમળો, કાઠી સુંથો વેલો ને સામળો ।
ભક્ત દેવાણંદ છે કુંભાર, રાઠોડ રૂડો ખેરાલિ મોઝાર ॥૩૪॥
વાવેરે પિઠો જણસાળી જેહ, ભક્ત મુળુ બાબરિયો તેહ ।
જાદવ કરણો ભગો કુંભાર, વસે ગામ ઘાણલા મોઝાર ॥૩૫॥
મેરિયાણે છે હાજો કુંભાર, કુળે સહિત ભક્ત ઉદાર ।
રાઓતદાસ માંમૈયો કંક, જાનબાઈ છાપરિયે નિઃશંક ॥૩૬॥
વાસો મુળો ને વીરો રબારી, વસે લિખાળે ભજે મુરારી ।
ઉગો માંતરો કડવો કહેવાય, કાઠી ભક્ત ગોરડકા માંય ॥૩૭॥
કાઠી સાદુલ સગાલ નામ, ભક્ત લૈયે એ લુવારે ગામ ।
દ્વિજ વસતો સામત કુંભાર, રાઘવ રહે બાઢડા મોઝાર ॥૩૮॥
વીરો નારણ કણબી કહીએ, ભક્ત સારા સમઢિયાળે લહીએ ।
શેઠ દ્વારકો આંબો વિઠ્ઠલ, વસે ઝિઝુંડે જન અવલ ॥૩૯॥
પાંચો સાંગો રબારી પાવન, ગામ મોલડિયે હરિજન ।
ધન્ય ધન્ય પિઠવડી ગામ, જિયાં ભક્ત વસે નિષ્કામ ॥૪૦॥
આંબો મેઘો હિરો ભાયો નામ, રૂડો પુંજો હરજી જેરામ ।
રાજો ભગો મુળો જેઠો જન, વાલો કલો પ્રેમજી પાવન ॥૪૧॥
હિરુ લાડુ વેલુ કુંવર બાઈ, મોટાં મુક્ત એ કણબીમાંઈ ।
દ્વિજ જીવો ને પુતળીબાઈ, સુત શિવો ગોવર્ધનભાઈ ॥૪૨॥
દ્વિજ મોનો રાઘવ દયારામ, કોળી ભક્ત એક ભોજો નામ ।
જન જણસાળી કલ્યાણ લઈ, ભક્ત છે પિઠવડીયે કઈ ॥૪૩॥
કણબી ભક્ત ભગો જસો રાણો, જન જીવી કેરાળામાં જાણો ।
ચાંદુ મામૈયો ભક્ત જેરામ, રાઘવાદિ ભક્ત વંડેગામ ॥૪૪॥
વીરો લાખો ને મેઘો કુંભાર, વસે ભક્ત પિયાવા મોઝાર ।

કાઠી હરિજન મુલુબાઈ, વસે ગામ તે બવાડીમાંઈ ॥૪૫॥
કાઠી ભક્ત અમરબાઈ નામે, તેહ વસે ખાલપર ગામે ।
હરિભક્ત સાદુલ કુંભાર, કન્યા કડવીયે તજ્યો સંસાર ॥૪૬॥
ભક્ત જણસાળી ખોડો છે નામ, એહાદિ જન ફિફાદ ગામ ।
દ્વિજ જેઠો વાલજી દયાળ, અજો દેવરામ એક બાળ ॥૪૭॥
હરિભક્ત છે બાઈ કુંવર, એહાદિ જન દામનગર ।
કણબી ભક્ત ડાયો હરદાસ, જન ઠાઉકા ઠાસલે વાસ ॥૪૮॥
દ્વિજ વીરો અમરબાઈ નામ, મોનજી ભીમજી દયારામ ।
દ્વિજ જેઠો સુંદરજી મણિયાર, ભક્ત એ પાલીતાણા મોઝાર ॥૪૯॥
દ્વિજ શંકર બોઘો બે ભાઈ, ભક્ત બ્રાહ્મણ કિકો કેવાઈ ।
ભક્ત મુળજી છે ભાવસાર, ખોજો સંઘજી દિયોર મોઝાર ॥૫૦॥
માનકુંવર ને ધોળીબાઈ, દ્વિજ વસે એ ત્રાપસ માંઈ ।
કાનબાઈ પતિ વીરો નામ, ભક્ત ખોજા એ તળાજે ગામ ॥૫૧॥
ભક્ત એક જીવો ભાવસાર, રહે પડવા ગામ મોઝાર ।
વાલો કૃષ્ણ ને દેવશી નામ, ભક્ત ભાવસાર ગુંદિગામ ॥૫૨॥
ક્ષત્રિ ભક્ત રૂપોભાઈ ધીર, ભક્ત રાજોભાઈ શૂરવીર ।
ઝિણો સંઘવી ઝિણો શ્રીમાળી, ભાવસાર ગાંગો મકુ માળી ॥૫૩॥
શેઠ ભક્ત ભગવાન કહીએ, કણબી ભક્ત કાકો એક લહીએ ।
કોળી ભક્ત ગોવિંદ નિદાન, ભણસાળી ભક્ત ભગવાન ॥૫૪॥
એહાદિ ભક્ત ભાવનગરે, શિશસાટાની ભગતિ કરે ।
દ્વિજ શંભુ મુળજી રતન, ક્ષત્રિ ભક્ત મોકો હરિજન ॥૫૫॥
ક્ષત્રિ ભક્ત મોટાં મોટીબાઈ, ભક્ત એહઆદિ વળામાંઈ ।
શેઠ લાલો ગિલો ભાવસાર, શા ડાયો ઉમરાળા મોઝાર ॥૫૬॥
ખોપાળે કણબી જેઠો જન, અડતાળે દ્વિજ ગોવર્ધન ।
શેઠ ભીમજી ભક્ત સુધીર, જેઠો લખમણ કૃષ્ણ આહિર ॥૫૭॥
ભક્ત કણબી કહીએ જસો નામ, એહાદિ રાજપિપળે ગામ ।
કાઠી મુળુ રાઓત બે કહિએ, ભક્ત ગામ ગુંદાળામાં લહીએ ॥૫૮॥

શેઠ આંબો ઘેલો માધો જીવો, જેઠો કિલો દામજી ને દેવો ।
દ્વિજ હરિભક્ત હરિભાઈ, જન કણબી ભગો કેવાઈ ॥૫૯॥
ભરવાડ ભગાદિ ભાળિયે, ભાવસાર જેઠો ગઢાળિયે ।
હરિજનનાં નામ અપાર, જથારથ ન હોય ઉચ્ચાર ॥૬૦॥

પૂર્વછાયો- અસંખ્ય જીવ ઓધારિયા, તેનો નાવે લખતાં પાર ।
જે આવ્યા મારી જાણ્યમાં, કર્યા એટલાં નામ ઉચ્ચાર ॥૬૧॥
બ્રાહ્મણ ક્ષત્રિ વૈશ્ય શુદ્ર, જે કોઈ નર ને નાર ।
દરશ સ્પરશ દયાળને, કઈ ઉતર્યા ભવપાર ॥૬૨॥
દેહ છતાં દુઃખિયા નહિ, તન છુટયે તેજ અંબાર ।
આવે પ્રભુજી તેડવા, જાય બ્રહ્મમોલ મોઝાર ॥૬૩॥
રથ વેલ્ય ઘોડા પાલખી, વળી દેખે બહુ વિમાન ।
માગી શિખ મુકે દેહને, જેને મળ્યા સ્વામી ભગવાન ॥૬૪॥
મોટો પ્રતાપ મહારાજનો, એક જીભે કહ્યો ન જાય ।
એમાં જે જન ઉધરે, તેનું નહિ આશ્ચર્ય જરાય ॥૬૫॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે વાળાકદેશના હરિજનનાં નામ કહ્યાં એ નામે એકસો ને ચૌદમું પ્રકરણમ્ ॥૧૧૪॥